"મીઠાં બાળકો - સન શોઝ ફાધર , મનમત ને છોડી શ્રીમત પર ચાલો ત્યારે બાપ નો શો કરી શકશો"

પ્રશ્ન :- કયા બાળકોની રક્ષા બાપ જરુર કરે જ છે?

ઉત્તર :- જે બાળકો સાચાં છે, તેમની રક્ષા જરુર થાય છે. જો રક્ષા નથી થતી તો અંદર જરુર કંઈક ને કંઈક જુઠ્ઠું હશે. ભણતર છૂટી જવું, સંશય માં આવવું એટલે અંદર કંઈક ને કંઈક જુઠ્ઠું છે. તેમને માયા અંગૂરી મારી દે છે.

પ્રશ્ન :- કયા બાળકો માટે માયા ચુંબક છે?

ઉત્તર :- જે માયા ની સુંદરતા ની તરફ આકર્ષિત થઈ જાય છે, તેમનાં માટે માયા ચુંબક છે. શ્રીમત પર ચાલવા વાળા બાળકો આકર્ષિત નહીં થશે.

ઓમ્ શાંતિ ! રુહાની બાપ રુહાની બાળકો ને સમજાવે છે, આ તો બાળકોએ નિશ્ચય કર્યો છે રુહાની બાપ આપણને રુહાની બાળકો ને ભણાવે છે. જેના માટે જ ગાયન છે-આત્માઓ પરમાત્મા અલગ રહ્યા બહુકાળ... મૂળવતન માં અલગ નથી રહેતાં. ત્યાં તો બધા સાથે રહે છે. અલગ રહે છે તો જરુર આત્માઓ ત્યાંથી છૂટા પડે છે, આવીને પોત-પોતાનો પાર્ટ ભજવે છે. સતોપ્રધાન થી ઉતરતા-ઉતરતા તમોપ્રધાન બને છે. બોલાવે છે પતિત-પાવન આવીને અમને પાવન બનાવો. બાપ પણ કહે છે હું દર ૫ હજાર વર્ષ પછી આવું છું. આ સૃષ્ટિ નું ચક્ર જ ૫ હજાર વર્ષ છે. પહેલાં તમે આ નહોતા જાણતાં. શિવબાબા સમજાવે છે તો જરુર કોઈ તન દ્વારા સમજાવશે. ઊપર થી કોઈ અવાજ તો નથી કરતાં. શક્તિ અથવા પ્રેરણા વગેરે ની કોઈ વાત નથી. તમે આત્મા શરીર માં આવીને વાર્તાલાપ કરો છો. એમ બાપ પણ કહે છે હું પણ શરીર દ્વારા ડાયરેક્શન આપું છું. પછી તેનાં પર જે જેટલું ચાલે છે, પોતાનું જ કલ્યાણ કરે છે. શ્રીમત પર ચાલે કે ન ચાલે, શિક્ષક નું સાંભળે કે ન સાંભળે, પોતાનાં માટે જ કલ્યાણ અથવા અકલ્યાણ કરે છે. નહીં ભણશે તો જરુર ફેલ (નાપાસ) થશે. આ પણ સમજાવતા રહે છે શિવબાબા પાસેથી શીખીને પછી બીજાને શીખવાડવાનું છે. ફાધર શોઝ સન. શરીર નાં ફાધર ની વાત નથી. આ છે રુહાની બાપ. આ પણ તમે સમજો છો જેટલા આપણે શ્રીમત પર ચાલીશુ, એટલો વારસો મેળવીશું. પૂરું ચાલવા વાળા ઊંચ પદ મેળવશે. ન ચાલવા વાળા ઊંચ પદ નહીં મેળવશે. બાપ તો કહે છે મને યાદ કરો તો તમારા પાપ કપાઈ જાય. રાવણ રાજ્ય માં તમારા પર પાપ ખૂબ ચઢેલા છે. વિકાર માં જવાથી જ પાપ આત્મા બને છે. પુણ્ય આત્મા અને પાપ આત્મા જરુર હોય છે. પુણ્ય આત્મા ની આગળ પાપ આત્માઓ જઈને માથું નમાવે છે. મનુષ્યોને આ ખબર નથી કે દેવતાઓ જે પુણ્ય આત્મા છે, તે જ ફરી પુનર્જન્મ માં આવતા-આવતા પાપ આત્મા બને છે. તે તો સમજે છે આ સદૈવ પુણ્ય આત્મા છે. બાપ સમજાવે છે, પુનર્જન્મ લેતા-લેતા સતોપ્રધાન થી તમોપ્રધાન સુધી આવે છે. જ્યારે બિલકુલ પાપ આત્મા બની જાય છે તો પછી બાપ ને બોલાવે છે. જ્યારે પુણ્ય આત્મા છે તો યાદ કરવાની જરુર નથી રહેતી. તો આ આપ બાળકોએ સમજાવવાનું છે, સર્વિસ કરવાની છે. બાપ તો જઈને બધાને નહીં સંભળાવશે? બાળકો સર્વિસ કરવાને લાયક છે તો બાળકોએ જ જવું જોઈએ. મનુષ્ય તો દિવસે-દિવસે અસુર બનતા જાય છે. પરિચય ન હોવાને કારણે બકવાસ કરવામાં પણ વાર નથી કરતાં. મનુષ્ય કહે છે ગીતા નાં ભગવાન શ્રીકૃષ્ણ છે. તમે સમજાવો છો એ તો દેહધારી છે, તેમને દેવતા કહેવાય છે. શ્રીકૃષ્ણ ને બાપ નહીં કહેવાશે. આ તો બધા ફાધર ને યાદ કરે છે ને? આત્માઓનાં ફાધર તો બીજા કોઈ હોતા નથી. આ પ્રજાપિતા બ્રહ્મા પણ કહે છે - નિરાકાર ફાધર ને યાદ કરવાના છે. આ કોરપોરિયલ (સાકાર) ફાધર થઈ જાય છે. સમજાવાય તો ખૂબ છે, કોઈ પૂરું ન સમજીને ઉલ્ટો રસ્તો લઈ જંગલ માં જઈને પડે છે. બાપ તો રસ્તો બતાવે છે સ્વર્ગ માં જવાનો. છતાં પણ જંગલ તરફ ચાલ્યા જાય છે. બાપ સમજાવે છે તમને જંગલ તરફ લઈ જવા વાળો છે-રાવણ. તમે માયા થી હાર ખાઓ છો. રસ્તો ભૂલી જાઓ છો તો પછી તે જંગલ નાં કાંટા બની જાઓ છો. તે પછી સ્વર્ગ માં મોડે થી આવશે. અહીં તમે આવ્યા જ છો સ્વર્ગ માં જવાનો પુરુષાર્થ કરવા. ત્રેતા ને પણ સ્વર્ગ નહીં કહેવાશે. ૨૫ ટકા ઓછું થયું ને? તમે અહીં આવ્યા જ છો જૂની દુનિયા છોડી નવી દુનિયામાં જવા માટે. ત્રેતા ને નવી દુનિયા નહીં કહેવાશે. નાપાસ ત્યાં ચાલ્યા જાય છે કારણકે રસ્તો ઠીક પકડતા નથી. નીચે-ઉપર થતા રહે છે. તમે અનુભવ કરો છો જે યાદ હોવી જોઈએ તે નથી રહેતી. સ્વર્ગવાસી જે બને છે

તેમને કહેવાશે સરસ પાસ. ત્રેતા વાળા નાપાસ ગણાય છે. તમે નર્કવાસી થી સ્વર્ગવાસી બનો છો. નહીં તો પછી નાપાસ કહેવાય છે. તે ભણતર માં તો ફરી બીજીવાર ભણે છે. આમાં બીજા વર્ષે ભણવાની તો વાત જ નથી. જન્મ-જન્માંતર, કલ્પ-કલ્પાંતર તે જ પરીક્ષા પાસ કરે છે જે કલ્પ પહેલાં કરી છે. આ ડ્રામા નાં રહસ્ય ને સારી રીતે સમજવા જોઈએ. કોઈ સમજે છે અમે ચાલી નથી શકતાં. વૃદ્ધ છે તો એમને હાથ પકડીને ચલાવો તો ચાલશે, નહીં તો પડી જશે. પરંતુ તકદીર માં નથી તો કેટલું પણ જોર આપે ફૂલ બનાવવાનું, પરંતુ બનતા નથી. અક પણ ફૂલ હોય છે. આ કાંટા તો વાગે છે.

બાપ કેટલું સમજાવે છે? કાલે તમે જે શિવ ની પૂજા કરતા હતાં એ આજે તમને ભણાવી રહ્યા છે. દરેક વાત માં પુરુષાર્થ માટે જ જોર આપવામાં આવે છે. જોવામાં આવે છે - માયા સારા-સારા ફૂલો ને નીચે પાડી દે છે. હાડકા તોડી દે છે, જેમને પછી ટ્રેટર કહેવાય છે. જે એક રાજધાની છોડી બીજા માં ચાલ્યા જાય છે તેમને ટ્રેટર કહેવાય છે. બાપ પણ કહે છે મારા બનીને પછી માયાનાં બની જાય છે તો તેમને પણ ટ્રેટર કહેવાય છે. તેમની ચલન જ એવી થઈ જાય છે. હમણાં બાપ માયા થી છોડાવવા આવ્યા છે. બાળકો કહે છે-માયા બહુ જ દુશ્તર છે, પોતાની તરફ ખૂબ ખેંચી લે છે. માયા જાણે કે ચુંબક છે. આ સમયે ચુંબક નું રુપ ધરતી છે. કેટલી સુંદરતા દુનિયામાં વધી ગઈ છે. પહેલાં આ બાયસ્કોપ વગેરે થોડા હતાં? આ બધું સો વર્ષમાં નીકળ્યું છે. બાબા તો અનુભવી છે ને? તો બાળકોએ આ ડ્રામા નાં ગુહ્ય રહસ્ય ને સારી રીતે સમજવા જોઈએ, દરેક વાત એક્યુરેટ નોંધાયેલી છે. સો વર્ષ માં આ જાણે બહિશ્ત બની ગયું છે, ઓપોઝિશન માટે. તો સમજાય છે - હવે સ્વર્ગ વધારે જ જલ્દી આવવાનું છે. વિજ્ઞાન પણ બહુ જ કામમાં આવે છે. આ તો ખૂબ સુખ આપવા વાળું પણ છે ને? તે સુખ સ્થાઈ થઈ જાય તેનાં માટે આ જૂની દુનિયાનો વિનાશ પણ થવાનો છે. સતયુગ નાં સુખ છે જ ભારત નાં ભાગ્ય માં. તેઓ તો આવે જ પાછળ થી છે, જ્યારે ભક્તિ માર્ગ શરુ થાય છે, જ્યારે ભારતવાસી પડે છે ત્યારે બીજા ધર્મવાળા નંબરવાર આવે છે. ભારત પડતાં-પડતાં એકદમ પટ પર આવી જાય છે. ફરી ચઢવાનું છે. અહીં પણ ચઢે છે પછી પડે છે. કેટલાં પડે છે, વાત ન પૂછો. કોઈ તો માનતા જ નથી કે બાબા આપણને ભણાવે છે. સારા-સારા સર્વિસેબલ જેમની બાપ મહિમા કરે છે તે પણ માયા નાં પંજા માં આવી જાય છે. કુશ્તી થાય છે ને ? માયા પણ એવી રીતે લડે છે. એકદમ પૂરાં નીચે પાડી દે છે. આગળ જઈને આપ બાળકોને ખબર પડતી જશે. માયા એકદમ પૂરાં સુવડાવી દે છે. છતાં પણ બાપ કહે છે એકવાર જ્ઞાન સાંભળ્યું છે તો સ્વર્ગ માં જરુર આવશે. બાકી પદ તો નહીં મેળવી શકશે ને? કલ્પ પહેલાં જેમણે જે પુરુષાર્થ કર્યો છે અથવા પુરુષાર્થ કરતા-કરતા પડ્યા છે, એવી રીતે જ હમણાં પણ પડે અને ચઢે છે. હાર અને જીત થાય છે ને? બધો આધાર બાળકની યાદ પર છે. બાળકોને આ અખુટ ખજાનો મળે છે. તે તો કેટલાં લાખો નું દેવાળું મારે છે. કોઈ લાખો નાં ધનવાન બને છે, તે પણ એક જન્મ માં. બીજા જન્મ માં થોડી આટલું ધન રહેશે? કર્મભોગ પણ ખૂબ છે. ત્યાં સ્વર્ગ માં તો કર્મભોગ ની વાત હોતી નથી. આ સમયે તમે ૨૧ જન્મો માટે કેટલું જમા કરો છો? જે પૂરો પુરુષાર્થ કરે છે તે પૂરો સ્વર્ગ નો વારસો મેળવે છે. બુદ્ધિ માં રહેવું જોઈએ આપણે બરોબર સ્વર્ગ નો વારસો મેળવીએ છીએ. આ વિચાર નથી કરવાનો કે ફરી નીચે પડીશું. આ સૌથી વધારે નીચે પડ્યા હવે ફરી ચઢવાનું જ છે. ઓટોમેટિકલી પુરુષાર્થ પણ થતો રહે છે. બાપ સમજાવે છે - જુઓ, માયા કેટલી પ્રબળ છે? મનુષ્યો માં કેટલું અજ્ઞાન ભરાઈ ગયું છે, અજ્ઞાન નાં કારણે બાપ ને પણ સર્વવ્યાપી કહી દે છે. ભારત કેટલું ફર્સ્ટ ક્લાસ હતું? તમે સમજો છો આપણે આવા હતાં, હવે ફરી બની રહ્યા છીએ. આ દેવતાઓની કેટલી મહિમા છે? પરંતુ આપ બાળકો સિવાય કોઈ જાણતા નથી. તમે જ જાણો છો બેહદનાં બાપ જ્ઞાન સાગર આવીને આપણને ભણાવે છે છતાં પણ માયા અનેક ને સંશય માં લાવી દે છે. જુઠ-કપટ છોડતા નથી. ત્યારે બાપ કહે છે-સાચ્ચો-સાચ્ચો પોતાનો ચાર્ટ લખો. પરંતુ દેહ-અભિમાન ને કારણે સાચું નથી બતાવતાં. તો તે પણ વિકર્મ બની જાય છે, સાચું બતાવવું જોઈએ ને? નહીં તો બહુ જ સજા ખાવી પડે છે. ગર્ભ જેલ માં પણ બહુ જ સજા મળે છે. કહે છે તોબા-તોબા... અમે ફરી આવું કામ નહીં કરીશું. જેમ કોઈને માર મળે છે તો પણ આવી રીતે માફી માંગે છે. સજા મળે ત્યારે પણ એવું કરે છે. હવે આપ બાળકો સમજો છો માયા નું રાજ્ય ક્યાર થી શરુ થયું છે? પાપ કરતા રહે છે. બાપ જુએ છે-આ એટલા મીઠાં-મીઠાં મુલાયમ (નમ્ર) નથી બનતાં. બાપ કેટલાં મુલાયમ બાળક જેવા બનીને ચાલે છે, કારણકે ડ્રામા પર ચાલતાં રહે છે. કહેશે જે થયું? ડ્રામાની ભાવી. સમજાવે પણ છે કે આગળ પછી આવું ન થાય. આ બાપદાદા બંને સાથે છે ને? દાદા ની મત પોતાની, ઈશ્વર ની પોતાની છે. સમજવું જોઈએ કે આ મત કોણ આપે છે? આ પણ બાપ તો છે ને? બાપ નું તો માનવું જોઈએ. બાબા તો મોટા બાબા છે ને? એટલે બાબા કહે છે એવું જ સમજો શિવબાબા સમજાવે છે. નહીં સમજશો તો પદ પણ નહીં મેળવશો. ડ્રામા પ્લાન અનુસાર બાપ પણ છે, દાદા પણ છે. બાપ ની શ્રીમત મળે છે.

માયા એવી છે જે મહાવીર, પહેલવાનો પાસે પણ કોઈ ને કોઈ ઉલ્ટું કામ કરાવી દે છે. સમજાય છે આ બાપ ની મત પર નથી. પોતે પણ ફીલ (અનુભવ) પણ કરે છે, હું પોતાની આસુરી મત પર છું. શ્રીમત આપવા વાળા આવીને ઉપસ્થિત થયા છે. એમની છે ઈશ્વરીય મત. બાપ સ્વયં કહે છે તેમની જો કોઈ એવી મત મળી પણ ગઈ તો પણ એને ઠીક કરવા વાળો હું બેઠો છું. છતાં પણ મેં રથ લીધો છે ને? મેં રથ લીધો ત્યારે જ તેમણે ગાળો ખાધી છે. નહીં તો ક્યારેય ગાળો નથી ખાધી. મારા કારણે કેટલી ગાળો ખાય છે? તો એમની પણ સંભાળ કરવી પડે. બાપ રક્ષા જરુર કરે છે. જેમ બાળકોની રક્ષા બાપ કરે છે ને? જેટલી સચ્ચાઈ પર ચાલે છે એટલી રક્ષા થાય છે. જુઠ્ઠા ની રક્ષા નથી થતી. એમની તો પછી સજા કાયમ થઈ જાય છે, એટલે બાપ સમજાવે છે - માયા તો એકદમ નાક થી પકડીને ખતમ કરી દે છે. બાળકો પોતે ફીલ કરે છે માયા ખાઈ જાય છે તો પછી ભણતર છોડી દે છે. બાપ કહે છે ભણવાનું જરુર ભણો. સારુ, ક્યાંક કોઈ નો દોષ છે. આમાં જેટલું જે કરશે, તે ભવિષ્ય માં મેળવશે કારણકે હવે દુનિયા બદલાઈ રહી છે. માયા એવી અંગૂરી મારી દે છે જે તે ખુશી નથી રહેતી. પછી ચીસો પાડે છે-બાબા, ખબર નથી શું થાય છે? યુદ્ધનાં મેદાન માં ખૂબ ખબરદાર રહે છે કે ક્યાંય કોઈ અંગૂરી ન મારી દે. છતાં પણ વધારે તાકાત વાળા હોય છે તો બીજાને પાડી દે છે. પછી બીજા દિવસ પર રાખે છે. આ માયા ની લડાઈ તો અંત સુધી ચાલતી રહે છે. નીચે-ઉપર થતા રહે છે. ઘણાં બાળકો સાચું નથી બતાવતાં. ઈજ્જત નો બહુ જ ડર છે - ખબર નહીં બાબા શું કહેશે? જ્યાં સુધી સાચું બતાવ્યું નથી ત્યાં સુધી આગળ ચાલી ન શકે. અંદર ખટકતું રહે છે, પછી વૃદ્ધિ થઈ જાય છે. જાતે જ સાચું ક્યારેય નહીં બતાવશે. ક્યાંક બે છે તો સમજે છે આ બાબા ને સંભળાવશે તો અમે પણ સંભળાવી દઈએ. માયા બહુ જ દુશ્તર છે. સમજાય છે તેમની તકદીર માં એટલું ઊંચું પદ નથી તો સર્જન થી છુપાવે છે. છુપાવવાથી બીમારી છૂટશે નહીં. જેટલું છુપાવશે એટલા નીચે પડતા જ રહેશે. ભૂત તો બધામાં છે ને? જ્યાં સુધી કર્માતીત અવસ્થા નથી બની, ત્યાં સુધી ક્રિમિનલ આઈ (કુદૃષ્ટિ) પણ છોડતી નથી. સૌથી મોટો દુશ્મન છે કામ. ઘણાં પડી જાય છે. બાબા તો વારંવાર સમજાવે છે શિવબાબા સિવાય કોઈ દેહધારી ને યાદ નથી કરવાનાં. કોઈ તો એવાં પાક્કા છે, જે ક્યારેય કોઈની યાદ પણ નહીં આવશે. પતિવ્રતા સ્ત્રી હોય છે ને? તેમની કુબુદ્ધિ નથી હોતી. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રત્યે માત-પિતા, બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકો ને નમસ્તે.

ધારણા માટે મુખ્ય સાર :-

1. આપણને ભણાવવા વાળા સ્વયં જ્ઞાન નાં સાગર, બેહદ નાં બાપ છે, આમાં ક્યારેય સંશય નથી લાવવાનો. જુઠ્ઠ-કપટ છોડી, પોતાનો સાચ્ચો-સાચ્ચો ચાર્ટ રાખવાનો છે. દેહ-અભિમાન માં આવીને ક્યારેય ટ્રેટર નથી બનવાનું.
2. ડ્રામા ને બુદ્ધિ માં રાખી બાપ સમાન બહુજ-બહુજ મીઠાં મુલાયમ (નમ્ર) બનીને રહેવાનું છે. પોતાનો અહંકાર નથી દેખાડવાનો. પોતાની મત છોડી એક બાપ ની શ્રેષ્ઠ મત પર ચાલવાનું છે.

વરદાન :- એક બાપ નાં લવ માં લવલીન થઈ મંઝિલ પર પહોંચવા વાળા સર્વ આકર્ષણ મુક્ત ભવ

બાપદાદા બાળકો ને પોતાનાં સ્નેહ અને સહયોગ નાં ખોળા માં બેસાડીને મંઝિલ પર લઈ જઈ રહ્યા છે. આ માર્ગ મહેનત નો નથી પરંતુ જ્યારે હાઈ-વે ને બદલે ગલીઓમાં ચાલ્યા જાઓ છો અથવા તો મંઝિલ નાં નિશાના થી વધારે આગળ વધી જાઓ છો તો પાછા વળવાની મહેનત કરવી પડે છે. મહેનત થી બચવાનું સાધન છે એક ની મહોબ્બત માં રહો. એક બાપ નાં લવ માં લીન થઈને દરેક કાર્ય કરો તો બીજું કંઈ નહીં દેખાશે. સર્વ આકર્ષણો થી મુક્ત થઈ જશો.

સ્લોગન :- પોતાની ખુશનસીબી નો અનુભવ ચહેરા અને ચલન થી કરાવો.